### નામાના મૂળતત્વોના પેપરમાં સારો સ્કોર કરવા એજ્યુકેશન એક્સપર્ટની સલાહ

# પાઠ્યપુસ્તક અને છેલ્લા 5 વર્ષના પેપરનો મહત્તમ મહાવરો કરી વધુમાં વધુ માર્કસ મેળવી શકાશે

**પેપરમાં** સારો સ્કોર કેવી રીતે કરી શકાય જેને લઈ વિદ્યાર્થીઓ માટે ખાસ ટિપ્સ

(પ્રતિનિધિ) વડોદરા,તા.12

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની ચાલી રહેલી પરીક્ષામાં આગામી 17 માર્ચે ધો.12 સામાન્ય પ્રવાહમાં નામાંના મૂળ તત્વોની પરિક્ષા લેવાશે. ત્યારે, આ પેપરમાં સારો સ્કોર કેવી રીતે કરી શકાય જેને લઈ વિદ્યાર્થીઓ માટે ખાસ ટિપ્સ આપવામાં આવી છે. સબ્જેક્ટ એક્સપર્ટ રવિ વઢવાણાએ વિદ્યાર્થીઓ સારા માર્ક્સ મેળવી શકે તે માટે ખાસ ફોર્મ્યુલા આપતા જણાવ્યું હતું કે, એકાઉન્ટ પાઠ્યપુસ્તક અને બોર્ડમાં પુછાયેલા છેલ્લા પાંચ પેપરનો મહત્તમ મહાવરો કરવો, વિભાગ એ અને બી, એમસીક્યુ અને એક વાક્યમાં જવાબ, પાઠ્યપુસ્તક અને બોર્ડના છેલ્લા પાંચ પેપરના પ્રશ્નો, વિભાગ સી અને ડી, ભાગીદારી વિષય-પ્રવેશ, પાઘડી, ભાગીદારી પેઢીનું પુનર્ગઠન, ભાગીદારી પેઢીનું વિસર્જન, ડિબેન્ચર્સ, ગુણોત્તર પ્રમાણ, પાઠ્યપુસ્તકના ઉદાહરણ અને સ્વાધ્યાયના દાખલાઓ, વિભાગ ઈ,નવા ભાગીદારનો પ્રવેશ, શેર મૂડીના વ્યવહારો, પાઠ્યપુસ્તકના ઉદાહરણ, સ્વાધ્યાયના દાખલાઓ, બોર્ડના, છેલ્લા પાંચ પેપર વિભાગ એફ, ભાગીદારી પેઢીના વાર્ષિક હિસાબ, કંપનીના વાર્ષિક હિસાબો, પાઠ્યપુસ્તકના ઉદાહરણ, સ્વાધ્યાયના દાખલાઓ, બોર્ડના છેલ્લા પાંચ પેપર , વિદ્યાર્થીઓએ માત્રને માત્ર પાઠ્યપુસ્તક તેમજ બોર્ડમાં પુછાયેલા છેલ્લા પાંચ પેપરનું મહત્તમ મહાવરો કરી વધુમાં વધુ માર્ક્સ મેળવી શકાશે. વિદ્યાર્થી મિત્રો દર્શાવેલ પ્રકરણ જેટલા જ પ્રકરણ તૈયાર કરશે તો મહત્તમ માર્ક્સ મેળવી શકશે.

**શેર બજાર માટેના ડિમેટ એકાઉન્ટ, ડિબેન્ચર્સ ડિવિડન્ડ જેવા સરળ પ્રશ્નો પૂછાયા**

આજે ધોરણ 12 સામાન્ય પ્રવાહ એસપીનું પેપર હતું.પેપર સરળ નીકળતા વિદ્યાર્થીઓ ઉત્સાહમાં આવ્યા હતા. વિભાગ A માં સરળ એમસીક્યુ રહ્યા હતા. શેર બજાર માટેના ડિમેટ એકાઉન્ટ, ડિબેન્ચર્સ ડિવિડન્ડ જેવા સરળ પ્રશ્નો અને વિભાગ F માં બેન્ક ઓફ ઈન્ડિયાના કોઈ કર્મચારી દ્વારા ખાતાધારક સાથેના અસભ્ય વર્તનો પર ફરિયાદ કરતા પત્ર જેવા પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા.

- **રવિ વઢવાણા** , એજ્યુકેશન એક્સપર્ટ

## શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા ખાતે સેમિનાર યોજાયો

(પ્રતિનિધિ) ગોધરા તા.12

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી અંતર્ગત કાર્યરત શ્રી ગોવિંદગુરુ ટ્રાઈબલ ચેર અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે યુનિવર્સિટીના ઓડિટોરિયમમાં "ગુજરાતની આદિવાસી સંસ્કૃતિનું સાહિત્ય, કલા, સંરક્ષણ, પ્રચાર અને ભવિષ્યની દિશા" વિષય પર એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો હતો.

કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ભાવનગર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડૉ. વિદ્યુતભાઈ જોશી, વિશેષ અતિથિ તરીકે પૂર્વ સાંસદ તથા ટાઈફેડના અધ્યક્ષ રામસિંગભાઈ રાઠવા, પ્રાયોજના વહીવટદાર ડી.આર. પટેલ, જાંબુઘોડા ગિરિરાજ ગ્રામ વિદ્યાપીઠના મેનેજિંગ ટ્રસ્ટી મયંકભાઈ દેસાઈ, આર.બી. કાર્સના સીઈઓ રમેશભાઈ પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

### શારીરિક અને માનસિક ત્રાસ ગુજારનાર પતિની બાપોદ પોલીસે કરી ધરપકડ

# વિધર્મી સાથે પ્રેમ લગ્ન કરનાર પત્નિને મારઝૂડ કરી જાનથી મારી નાખવાની ધમકી

**મોઢામાં** રૂમાલ નાખીને ધમકી આપી કે બૂમ પાડીશ તો ટુકડા કરીને થેલામાં ભરી દઈશ

(પ્રતિનિધિ) વડોદરા,તા.12

વડોદરા, તા.12: વડોદરામાં હિંદુ યુવતીએ પ્રેમ પર વિશ્વાસ મૂક્યા બાદ તેને પતિ તરફથી લાંબા સમય સુધી શારીરિક અને માનસિક ત્રાસ સહન કરવો પડ્યો હોવાનો બનાવ સામે આવ્યો છે. અંતે કંટાળી યુવતીએ બાપોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી પતિ સલમાન સલીમખાન પઠાણની ધરપકડ કરી આગળની કાર્યવાહી શરૂ કરી છે.

પીડિતાએ પોલીસને આપેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, વર્ષ 2024માં તેણે સલમાન પઠાણ સાથે કોર્ટ મેરેજ કર્યા હતા. ત્યારબાદ બંને આજવા રોડ પર એકતાનગર પોલીસ ચોકી પાસે રહેવા લાગ્યા હતા. યુવતી ઘરકામ કરતી હતી જ્યારે તેનો પતિ ઓટોરિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. વર્ષ 2025 દરમિયાન યુવતીને ખબર પડી કે તેના પતિના અન્ય મહિલા સાથે આડાસંબંધ છે. આ બાબતે પૂછતાં પતિએ ગાળો બોલી તેને માર માર્યો હતો. ત્યારબાદ યુવતી પિયર ગઈ હતી, પરંતુ પરિવારજનોના સમજાવવાથી ફરી સાસરિયા પરત આવી હતી.

થોડા સમય સુધી પરિસ્થિતિ સામાન્ય રહી, પરંતુ પછી પતિ ફરીથી અવારનવાર શારીરિક અને માનસિક ત્રાસ આપતો રહ્યો હતો. ઘર ન તૂટે તે માટે યુવતીએ ઘણો સમય સહન કર્યું હતું. 14 જાન્યુઆરી 2026ના રોજ પતિ ઘરે મોડો આવતાં પૂછપરછ કરતાં ફરી ઝઘડો કરી મારપીટ કરી હતી. ત્યારબાદ યુવતી માતા સાથે પિયરમાં રહેવા લાગી હતી.

25 ફેબ્રુઆરી 2026ના રોજ યુવતી દવા લેવા જઈ રહી હતી ત્યારે રસ્તામાં પતિએ તેને રોકી ગાળો બોલી ધમકી આપી હતી. બાદમાં તેને બળજબરીથી રિક્ષામાં બેસાડી આજવા-નીમેટા રોડ પર ખેતરમાં લઈ જઈ મારપીટ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. યુવતી કોઈ રીતે છૂટીને ભાઈને ફોન કરી હોસ્પિટલમાં સારવાર માટે પહોંચી હતી.

આ ઘટનાને પગલે બાપોદ પોલીસે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. ડીસીપી ઝોન-4 એન્ડ્રુ મેકવાને જણાવ્યું હતું કે, પીડિતાનું શી ટીમ દ્વારા કાઉન્સેલિંગ કરવામાં આવી રહ્યું છે અને જરૂરી સહાયતા પૂરી પાડવામાં આવશે.

# હેડ ક્વાર્ટરના પોલીસકર્મીએ બીમારીથી કંટાળી ફાંસો ખાધો

**એક** અઠવાડિયામાં આત્મહત્યાની બીજી ઘટના

(પ્રતિનિધિ) વડોદરા તા.12

સંસ્કારી નગરી વડોદરામાં પોલીસ વિભાગમાં આત્મહત્યાના બનાવોએ ચિંતા જગાવી છે. શહેર પોલીસ હેડક્વાર્ટરમાં ફરજ બજાવતા એક પોલીસ જવાને પોતાની બીમારીથી કંટાળી જઈ દંતેશ્વર સ્થિત નિવાસસ્થાને ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવી લેતા પોલીસ બેડામાં ભારે ખળભળાટ મચી ગયો છે.



પ્રાપ્ત વિગતો અનુસાર, વડોદરા પોલીસ હેડક્વાર્ટરના મોટર ટ્રાન્સપોર્ટ વિભાગના એકાઉન્ટ શાખામાં ફરજ બજાવતા કૃષ્ણકાંત સોરઠીયા લાંબા સમયથી ગંભીર બીમારીથી પીડાતા હતા. બીમારીના કારણે તેઓ માનસિક રીતે પણ વ્યથિત રહેતા હોવાનું જાણવા મળ્યું છે. આજે તેમણે પોતાના દંતેશ્વર ખાતેના નિવાસ્થાને અંતિમ પગલું ભરી લીધું હતું. ઘટનાની જાણ થતા જ મકરપુરા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, મૃતક પોલીસકર્મી છેલ્લા કેટલાક મહિનાઓથી પોતાની શારીરિક બીમારીથી ખૂબ જ પરેશાન હતા, જેને કારણે તેમણે આ આત્મઘાતી પગલું ભર્યું હોવાની શક્યતા છે. નોંધનીય છે કે, વડોદરા પોલીસમાં આત્મહત્યાનો આ કોઈ પ્રથમ બનાવ નથી. ગત અઠવાડિયે જ એક મહિલા કોન્સ્ટેબલે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. આ ઘટનાની શાહી હજુ સુકાઈ નથી ત્યાં વધુ એક આશાસ્પદ પોલીસકર્મીના આપઘાતથી સાથી કર્મચારીઓમાં શોક અને ચિંતા ફેલાઈ છે. હાલમાં મકરપુરા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. બીમારી સિવાય અન્ય કોઈ કારણ જવાબદાર છે કે કેમ, તે દિશામાં પણ પોલીસ પૂછપરછ કરી રહી છે.

### સ્વદેશી ચીજવસ્તુઓના વેચાણ માટે ઉત્પાદકોને મળશે કાયમી પ્લેટફોર્મ

# ગુજરાતની 4 મહાનગરપાલિકામાં બનશે 'નમો સ્વદેશી અર્બન મોલ'

**ગુજરાત** શહેરી આજીવિકા મિશન અંતર્ગત અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં એક-એક 'નમો સ્વદેશી અર્બન મોલ' બનાવવામાં આવશે




(પ્રતિનિધિ) ગાંધીનગર, તા.12

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ અંતર્ગત ગુજરાત શહેરી આજીવિકા મિશન દ્વારા સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા માટે 'નમો સ્વદેશી અર્બન મોલ' યોજના અમલમાં મૂકવામાં આવી રહી છે. આ યોજનાનો હેતુ મહાનગરપાલિકાઓમાં સ્વદેશી ઉત્પાદનોના વેચાણ માટે કાયમી અને આધુનિક બજાર વ્યવસ્થા ઊભી કરવાનો છે જેથી શહેરીજનો સ્વદેશી ઉત્પાદનો ખરીદવા પ્રોત્સાહિત થાય.

ઉલ્લેખનીય છે કે, શહેરી વિકાસ વર્ષ 2025-26 દરમિયાન રાજ્યની 16 મહાનગરપાલિકાઓમાં પ્લાસ્ટિક ફ્રી 'સ્વદેશી ફેસ્ટિવલ' અંતર્ગત સ્વદેશી મેળાઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સ્થાનિક કારીગરો, સ્વ-સહાય જૂથોની બહેનો, શેરી ફેરીયાઓ અને નાના વેપારીઓને પોતાના ઉત્પાદનો પ્રદર્શિત અને વેચાણ કરવાની તક મળી હતી. હવે સ્વદેશી ઉત્પાદનોને વ્યાપક અને કાયમી બજાર ઉપલબ્ધ થાય તે માટે અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં કાયમી 'નમો સ્વદેશી અર્બન મોલ' શરૂ કરવામાં આવશે. આ મોલ સ્થાનિક કારીગરો, મહિલા સ્વ-સહાય જૂથો, શેરી ફેરીયાઓ અને નાના ઉદ્યોગકારોને પોતાના સ્વદેશી ઉત્પાદનોનું વેચાણ કરવા માટે એક સુવ્યવસ્થિત અને આધુનિક પ્લેટફોર્મ પૂરું પાડશે.

આ મોલ દ્વારા ખરીદદારો અને વેચાણકારો વચ્ચે સીધું જોડાણ સ્થાપિત થશે, જેના કારણે ગ્રાહકોને વિવિધ સ્વદેશી ઉત્પાદનો એક જ જગ્યાએથી સરળતાથી ઉપલબ્ધ થશે અને ઉત્પાદકોને પણ પોતાના ઉત્પાદનો માટે બજાર મળી રહેશે. આ ઉપરાંત, આ મોલનો ઉપયોગ સ્વદેશી મેળાઓ, હાટ અને વિવિધ પ્રદર્શનો માટે પણ કરી શકાશે, જેના કારણે 'વોકલ ફોર લોકલ' અભિયાનને વધુ વેગ મળશે.

રાજ્ય સરકાર દ્વારા 2026-27ના બજેટમાં 'નમો સ્વદેશી અર્બન મોલ' અને સ્વદેશી મેળાઓના આયોજન માટે 45 કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ પહેલ સ્થાનિક કારીગરો અને નાના ઉદ્યોગકારોને સશક્ત બનાવશે અને આત્મનિર્ભર ભારતના સપનાને સાકાર કરવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.

### વડોદરા જિલ્લા સરકારી શાળામાં ફરજ બજવતા 161 શિક્ષકોને લાંબાગાળાનો પ્રશ્ન હલ થતા હુકમપત્રો એનાયત કરાયા



■ વડોદરા જિલ્લા સરકારી શાળામાં ફરજ બજવતા મુખ્ય શિક્ષક જે લાંબાગાળાથી એચ ટાટના હુકમની રાહ જોતા હતા. જેઓ ૨૦૧૨,૨૦૧૪, ૨૦૧૬ અને ૨૦૧૮માં મુખ્ય શિક્ષક તરીકે ભરતી થયા હતા. આ તમામ મુખ્ય શિક્ષકોને જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી એમ. આર. પાંડેના પ્રયાસોથી આ તમામ મુખ્ય શિક્ષકોને જિલ્લા શિક્ષણ વિભાગ તરફથી આજરોજ આદેશ હુકમ પત્રો એનાયત કરવામાં આવ્યા હતા. જેમાં ૧૬૧ શિક્ષકોને લાંબાગાળાનો પ્રશ્ન હલ થતા હુકમપત્રો એનાયત કરવામાં આવ્યો હતા.


**Muthoot Homefin** | **મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ**

કોર્પોરેટ ઓફિસ : યુનિટ નં. 19-NE, 19મો માળ, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, રૂપારેલ કોલેજ પાસે, દાદર (વેસ્ટ), મુંબઈ, મહારાષ્ટ્ર- 400 028

**કબજા નોટિસ** (સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, 2002 ના નિયમ 8(1) સાથે વાંચતા પરિશિષ્ટ IV મુજબ)

જ્યાં, અધોહસ્તાક્ષરકર્તા 'સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002' હેઠળ મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ (MHIL)ના અધિકૃત અધિકારી હોવાને નાતે અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002ના નિયમ 3 સાથે વંચાતી કલમ 13(2) હેઠળ મળેલી સત્તાની રૂએ કંપનીના અધિકૃત અધિકારી દ્વારા નીચે દર્શાવેલ લોનધારક(ઓ)/ જામીનદાર(ઓ) ને નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર નોટિસમાં જણાવેલ રકમ ચૂકવવા માટે ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી હતી. લોનધારક રકમ પરત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી લોનધારક(ઓ)/ સહ-લોનધારક(ઓ)/ જામીનદાર(ઓ) અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે, અધોહસ્તાક્ષરકર્તાએ ઉક્ત એક્ટની કલમ 13(4) સાથે વાંચતા ઉક્ત નિયમોના નિયમ 8 હેઠળ તેમને મળેલી સત્તાની રૂએ નીચે વર્ણવેલ મિલકતનો કબજો લીધો છે. ખાસ કરીને લોનધારક અને સામાન્ય જનતાને આથી મિલકત સાથે કોઈપણ વહેવાર ન કરવા સાવચેત કરવામાં આવે છે અને મિલકત સાથેનો કોઈપણ વહેવાર મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડના નીચે જણાવેલ રકમ અને તેના પરના વ્યાજના બોજાને આધીન રહેશે. લોનધારકનું ધ્યાન સુરક્ષિત અસ્કયામતો છોડાવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં એક્ટની કલમ 13ની પેટા કલમ (8)ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે.

| અ. નં. | લોનધારક(ઓ)/ સહ-લોનધારક(ઓ) ના નામ / લોન એકાઉન્ટ નં./ શાખા | સુરક્ષિત અસ્કયામતોની ટૂંકી વિગત | માંગણી સૂચનાની તારીખ અને કુલ બાકી રકમ (રૂ.) | કબજો લીધાની તારીખ |
| --- | --- | --- | --- | --- |
| 1. | અબ્દુલખાન અનવરઅલી રાઠોડ/ શાહિનબેન અબ્દુલ રાઠોડ/ VDO-HL-000451/ વડોદરા | મોજે: સેગુવાડા, વડોદરામાં આવેલ બિન-ખેતી પ્લોટની જમીનનો તમામ હિસ્સો અને પાર્સલ, બ્લોક નં. 199, જૂના બ્લોક નં. 161/ પૈકી 2, જૂના સર્વે નં. 233, 234, 235, 236, 237, અને 237/1 હેઠળની જમીન, જેનું ક્ષેત્રફળ 63509.00 ચો.મી. છે, ખાતા નં. 108 પૈકી પશ્ચિમ તરફ જેનું ક્ષેત્રફળ 27651.00 ચો.મી. છે, જે "અલ-કબીર પાર્ક" તરીકે ઓળખાય છે, પૈકી બંગલો નં. B-81, પ્લોટનું ક્ષેત્રફળ 149.21 ચો.મી., બાંધકામ વિસ્તાર 117.65 ચો.મી., રજીસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ અને સબ ડિસ્ટ્રિક્ટ ડભોઈ, જિલ્લો વડોદરા. અને સદર મિલકતની સીમાઓ: પૂર્વમાં: બંગલો નં. B-82, પશ્ચિમમાં: બંગલો નં. B-80 , ઉત્તરમાં: રોડ, દક્ષિણમાં: બંગલો નં. B-104 . | 22-ડિસે-25/ રૂ. 24,06,655/- અંકે રૂપિયા ચોવીસ લાખ છ હજાર છસો પંચાવન પૂરા. | 07-Mar-2026 |

તારીખ: 13 માર્ચ, 2026
સ્થળ: વડોદરા

સહી/- અધિકૃત અધિકારી,
મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ


# SSG હોસ્પિટલમાં દર્દીઓને સ્વજનો જાતે સ્ટ્રેચર પર લઈ જતાં દેખાયા





(પ્રતિનિધિ) વડોદરા તા.12

મધ્ય ગુજરાતની સૌથી મોટી ગણાતી સયાજી હોસ્પિટલ જાણે સંવેદના વિહોણી બની હોય તેમ લાગી રહ્યું છે. બુધવારે મૃતદેહને પરિવારજનોએ જાતે સ્ટ્રેચર પર ખેંચવો પડ્યો હોવાની શાહી હજુ સુકાઈ નથી, ત્યાં ફરી એકવાર હોસ્પિટલની ઘોર બેદરકારીના બે જીવતા જાગતા કિસ્સા સામે આવ્યા છે. હોસ્પિટલના પરિસરમાં ગંભીર હાલતના દર્દીઓને તેમના સ્વજનો જાતે સ્ટ્રેચર ધકેલીને લઈ જતા જોવા મળ્યા હતા. આશ્ચર્યની વાત તો એ છે કે, આ દરમિયાન ન તો કોઈ વોર્ડબોય ડોકાયો કે ન તો હોસ્પિટલનો અન્ય કોઈ સ્ટાફ મદદ માટે આગળ આવ્યો. 'માનવતા મરી પરવારી' હોય તેવા આ દ્રશ્યોએ હોસ્પિટલ તંત્રના સુશાસનના દાવાઓની પોલ ખોલી નાખી છે. કરોડોનું બજેટ અને સ્ટાફ છતાં સામાન્ય જનતાએ કેમ હાલાકી ભોગવવી પડે છે ? તે હવે એક મોટો સવાલ છે.

# વડોદરા જિલ્લાના 1.66 લાખ ખેડૂતોને 22મા હપ્તા રૂપે 34.24 કરોડ ચુકવાશે

**વડોદરા** જિલ્લા અને તમામ તાલુકોઓમાં "પી. એમ.કિસાન ઉત્સવ દિવસ"ની ભવ્ય ઉજવણી

(પ્રતિનિધિ) વડોદરા તા.12

વડાપ્રધાન દ્વારા ખેડૂતોની આવક વધારવાના ભાગરૂપે ખેડૂત કુટુંબોને સહાયરૂપ થવા "પ્રધાન મંત્રી કિસાન સન્માન નીધી યોજના" તા.૦૧-૦૨-૨૦૧૯થી અમલમાં મૂકવામાં આવી હતી. જેના ભાગરૂપે ખેડૂત કુટુંબને પ્રતિ વર્ષ રૂપીયા ૬૦૦૦ ત્રણ હપ્તામાં ચૂકવવામાં આવે છે. અત્યાર સુધીમાં ૨૧ હપ્તા ચૂકવી દેવામાં આવ્યા છે. અને આજે તા.૧૩મી માર્ચ-૨૦૨૬ ના રોજ ૨૨મો હપ્તો રીલીઝ કરવા માટે "પી.એમ.કિસાન ઉત્સવ દિવસ" રાષ્ટ્રીય કક્ષાનો કાર્યક્રમ ગુવાહાટી, આસામ ખાતે તેમજ રાજ્ય કક્ષાનો કાર્યક્રમ મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને ગાંધીનગર ખાતે રાખવામા આવેલ છે. જે અંતર્ગત વડોદરા જિલ્લાકક્ષાના કાર્યક્રમનુ આયોજન પંડીત દીન દયાલ ઉપાધ્યાય નગર ગૃહ, આજવા રોડ, વડોદરા ખાતે સમય બપોરે ૦૪.૦૦ કલાકે કરવામાં આવ્યું છે. જેમાં વડોદરા જિલ્લાના ૧.૬૬ લાખ ખેડૂત કુટુંબોને ૨૨માં હપ્તાના રૂપીયા ૩૪.૨૪ કરોડની સહાયની ચુકવણી કાર્યક્રમના અધ્યક્ષ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ગાયત્રીબેન મહીડા સહિત વડાપ્રધાનના હસ્તે વર્ચ્યુઅલી કરવામાં આવનાર છે. જે કાર્યક્રમનું જીવંત પ્રસારણ પણ નિહાળવામાં આવશે.

આ કાર્યક્રમોમાં અંદાજીત ૧૦૦૦ ખેડૂતો ઉપસ્થિત રહેશે. સાથે સાથે ૧૫ જેટલા વિવિધ પ્રદર્શન સ્ટોલોનું પણ ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા કક્ષાના કાર્યક્રમની સમાંતરે દરેક તાલુકાઓમાં તાલુકાકક્ષાના અને તમામ ગ્રામપંચાયતોમાં કાર્યક્રમનુ પણ આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમા બહોળી સંખ્યામા સહભાગી થવા વડોદરા જિલ્લા તંત્ર તથા જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા જાહેર અનુરોધ કરાયો છે.

## કુપોષણ મુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત માર્ગદર્શન શિબિર યોજાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.12

વડોદરા જિલ્લા પંચાયત ભવનના સભાખંડ ખાતે આજે 'કુપોષણ મુક્ત ગુજરાત અભિયાન' અંતર્ગત જિલ્લાના વર્ગ ૧-૨ ના અધિકારીઓ માટે એક વિશેષ તાલીમ સહ માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આરોગ્ય વિભાગ અને આઈ.સી. ડી.એસ. વિભાગના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી આ શિબિરમાં જિલ્લામાં રહેલા કુપોષિત બાળકોને આ સ્થિતિમાંથી બહાર લાવી તંદુરસ્ત બનાવવા માટેના વિવિધ પાસાઓ પર વિસ્તૃત ચર્ચા અને માર્ગદર્શન અપાયું હતું.

શિબિરના અધ્યક્ષસ્થાનેથી સંબોધન કરતા જિલ્લા કલેક્ટર ડૉ. અનિલ ધામેલિયાએ જણાવ્યું હતું કે, કુપોષણ નિવારણની કામગીરીને માત્ર એક સરકારી ફરજ તરીકે ન જોતા તેને સામાજિક ઉત્તરદાયિત્વ ગણી 'સેન્સ ઓફ ઓનરશીપ' સાથે કરવી જોઈએ. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, કુપોષિત બાળકોને કુપોષણમુક્ત કરવા માટે માત્ર પોષણ કીટનું વિતરણ પર્યાપ્ત નથી.

# કિડનીના રોગો વિશ્વભરમાં 8 કરોડથી વધુ લોકોને અસર કરે છે

વિશ્વ કિડની દિને ગુજરાત કિડની & સુપર સ્પેશિયાલિટી લીમીટેડ દ્વારા અવેરનેસ સેમિનાર



(પ્રતિનિધિ) વડોદરા તા.12

વિશ્વ કિડની દિવસ નિમિત્તે ગુજરાત કિડની એન્ડ સુપરસ્પેશ્યાલીટી લીમીટેડ દ્વારા કિડનીના રોગો અંગે જનજાગૃતિ ફેલાવવા માટે અવેરનેસ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંગે માહિતી આપવા માટે પત્રકાર પરિષદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

વિશ્વ કિડની દિવસ દર વર્ષે માર્ચ મહિનાના બીજા ગુરુવારે ઉજવવામાં આવે છે, જેનો મુખ્ય હેતુ કિડનીના સ્વાસ્થ્ય અંગે જાગૃતિ લાવવાનો અને કિડની સંબંધિત રોગો વિશે લોકોને માહિતગાર કરવાનો છે. આ વર્ષે વિશ્વભરમાં 12 માર્ચે વિશ્વ કિડની દિવસની ઉજવણી કરવામાં આવી છે.

કિડનીના રોગો વિશ્વભરમાં 8 કરોડથી વધુ લોકોને અસર કરે છે. તેના મુખ્ય કારણોમાં ડાયાબિટીસ, હાઈ બ્લડપ્રેશર અને આનુવંશિક પરિબળોનો સમાવેશ થાય છે. ભારતમાં પણ કિડનીના રોગોનું પ્રમાણ વધી રહ્યું છે. કિડનીના રોગોના લક્ષણોમાં હાથ-પગ અથવા ચહેરામાં સોજો આવવો, હાઈ બ્લડપ્રેશર, લોહીની ઉણપ (એનિમિયા) અને હાડકાં નબળાં પડવાની સમસ્યાઓનો સમાવેશ થાય છે.

કિડનીના સ્વાસ્થ્ય માટે નિયમિત ચેકઅપ કરાવવો, સ્વસ્થ જીવનશૈલી અપનાવવી અને રોગના લક્ષણો અંગે સજાગ રહેવું જરૂરી છે.

ગુજરાત કિડની એન્ડ સુપરસ્પેશ્યાલીટી લીમીટેડના ડિરેક્ટર ડૉ. પ્રજ્ઞેશ ભારપોડાએ જણાવ્યું હતું કે વિશ્વ કિડની દિવસ નિમિત્તે આયોજિત સેમિનારનો હેતુ લોકોને કિડનીના રોગો અંગે જાગૃત કરવાનો છે. સમયસર તપાસ અને યોગ્ય સારવારથી આ રોગથી બચી શકાય છે.

### ભારતીય શાસ્ત્રીય પરંપરાની સમૃદ્ધિ દર્શાવવામાં આવતા પ્રેક્ષકો મંત્રમુગ્ધ

# પર્ફોર્મિંગ આર્ટ્સમાં વાર્ષિકોત્સવના પ્રથમ દિવસે સંગીત, નૃત્ય અને નાટ્યકલાનો સુંદર સમન્વય

(પ્રતિનિધિ) વડોદરા,તા.12

એમ.એસ.યુનિવર્સિટીની પર્ફોર્મિંગ આર્ટ્સ ખાતે વાર્ષિકોત્સવના પ્રથમ દિવસે ફેકલ્ટીના પ્રાંગણમાં આવેલ ઓપન એર થીએટર પર યોજાયેલા કાર્યક્રમમાં સંગીત, નૃત્ય અને નાટ્યકલાના સુંદર સમન્વય દ્વારા ભારતીય શાસ્ત્રીય પરંપરાની સમૃદ્ધિ દર્શાવવામાં આવી હતી. સાથે સંકુલના ગૌરવરૂપ પૂર્વ વિદ્યાર્થી તથા વર્તમાન વિદ્યાર્થીઓને વિવિધ ક્ષેત્રોમાં પ્રાપ્ત થયેલી સિદ્ધિઓ બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા.




વાર્ષિકોત્સવના પ્રથમ દિવસના કાર્યક્રમો પ્રખ્યાત નાટ્યકાર અને શિક્ષણવિદ્ પદ્મશ્રી ચંદ્રવદન મહેતાની 125 મી જન્મજયંતિને સમર્પિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પરંપરાગત ગણેશ સ્તુતિથી કરવામાં આવી, જેના દ્વારા કાર્યક્રમને આધ્યાત્મિક અને કલાત્મક માહોલ પ્રાપ્ત થયો હતો. ત્યારબાદ રાગ-રંગ કાર્યક્રમ હેઠળ શાસ્ત્રીય સંગીત અને નૃત્યની વિવિધ રજૂઆતો કરવામાં આવી. તેમજ ગ્લોરી ઓફ તીનતાલ કાર્યક્રમ દ્વારા ભારતીય લયપરંપરાની વિશિષ્ટતા અને તબલા વાદનની કલાત્મકતા રજૂ કરવામાં આવી. આ સાથે કાર્યક્રમ દરમિયાન રજૂ થયેલ તરાના તથા કથક નૃત્યની રચનાઓએ ભારતીય શાસ્ત્રીય કળાની સૌંદર્યપરંપરાને ઉજાગર કરી હતી. ડીન પ્રો. અજય અષ્ટપુત્રેએ જણાવ્યું હતું કે લાંબા સમય બાદ સંકુલના પ્રાંગણમાં યોજાતો આ વાર્ષિકોત્સવ સમગ્ર સંકુલ પરિવાર માટે ગૌરવની ક્ષણ છે. તેમણે સંગીત, નૃત્ય અને નાટ્યકલા ભારતીય સંસ્કૃતિના મહત્વપૂર્ણ સ્તંભો છે અને આવા કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓને પોતાની સર્જનાત્મકતા વ્યક્ત કરવાની અમૂલ્ય તક મળે છે. તેમણે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે તમામ પ્રાધ્યાપકો, વિદ્યાર્થીઓ અને પૂર્વ વિદ્યાર્થીઓના સહકારની પ્રશંસા કરી. આ કાર્યક્રમના આયોજનમાં સંયોજક ડો.ધનંજય વેકરિયા, સહ-સંયોજક ડો.નીતિન પરમાર અને હેતલ આર્ય, કાર્યક્રમ સંકલનકર્તા ડો.જયદીપ લકુમ, ડો. જનક જસાકિયા તેમજ ફેકલ્ટીના તમામ પ્રાધ્યાપકો તથા વિદ્યાર્થીઓએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.


[પરિશિષ્ટ - IV-A] [નિયમ 8 (6)ના પ્રોવિઝો r/w 9(1) જુઓ]

**સ્થાવર મિલકતની ઈ-હરાજી વેચાણ માટે જાહેર નોટિસ**

**એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ**

CIN: U67100MH2007PLC174759

નોંધાયેલ ઓફિસ: એડલવાઈસ હાઉસ, પહેલો માળ, CST રોડની બહાર, કાલિના, મુંબઈ 400098.

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ સ્થાવર સુરક્ષિત અસ્કયામતોના વેચાણ માટેની ઈ-હરાજી વેચાણ નોટિસ, સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002 ("નિયમો") ના નિયમ 8 (6) અને 9(1) ના પ્રોવિઝો સાથે વંચાણે લેતા.

નીચે દર્શાવેલ વિવિધ વેચાણ સંસ્થાઓ (જેને આથી "અસાઇનર" તરીકે ઓળખવામાં આવે છે)ની નાણાકીય સુવિધાઓ એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડને સોંપવામાં આવી છે, જે કોલમમાં સ્પષ્ટપણે ઉલ્લેખિત વિવિધ ટ્રસ્ટીઓના ટ્રસ્ટી તરીકેની ક્ષમતામાં કાર્ય કરે છે. સદર અસાઇનમેન્ટને અનુસરીને, EARCએ અસાઇનરનું સ્થાન લઈને સુરક્ષિત લેણદાર તરીકે તેના અધિકારોનો ઉપયોગ કરે છે. EARCએ, સુરક્ષિત લેણદાર તરીકેની તેની ક્ષમતામાં, SARFAESI એક્ટની કલમ 13(4) અને તે હેઠળના નિયમો હેઠળ નીચે દર્શાવેલ સ્થાવર સુરક્ષિત અસ્કયામતોનો કબજો લીધો છે.

સામાન્ય જનતાને અને ખાસ કરીને દેવાદાર(ઓ) અને જામીનદાર(ઓ) ને આથી 15/30 દિવસની નોટિસ આપવામાં આવે છે કે સુરક્ષિત લેણદારની તરફેણમાં ગીરો મુકેલી નીચે વર્ણવેલ સ્થાવર સુરક્ષિત અસ્કયામતો, જેનો ભૌતિક કબજો અધિકૃત અધિકારી (AO) દ્વારા લેવામાં આવ્યો છે, તેનું વેચાણ "જ્યાં છે ત્યાં", "જેમ છે તેમ", અને "જે કંઈ પણ છે"ના ધોરણે, EARCને લેણી નીકળતી નીચે દર્શાવેલ રકમની વસૂલાત માટે દેવાદાર(ઓ) અને જામીનદાર(ઓ) પાસેથી EARC ને મળેલી કોઈપણ રકમ બાદ કર્યા પછીના વ્યાજ અને અન્ય ખર્ચ/ખર્ચાઓ સાથે કરવામાં આવશે. મિલકત માટે અનામત કિંમત (Reserve Price) અને બાનાની રકમ (EMD) નીચે મુજબ છે.

ઈ-હરાજી માટે મુકાયેલ સુરક્ષિત અસ્કયામતોની વિગતો:

| લોન એકાઉન્ટ નં / વેચાણ સંસ્થા | દેવાદાર / સહ-દેવાદાર / જામીનદાર / મોર્ગેજરનું નામ | ટ્રસ્ટનું નામ | કુલ બાકી લેણું (INR) | અનામત કિંમત (INR) | બાનાની રકમ (EMD) (INR) | હરાજીની તારીખ અને સમય | કબજાનો પ્રકાર |
| --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| 628058585 / HDFC Bank Ltd | શ્રી અમીન ધર્મેશ રામજીભાઈ (દેવાદાર) અને શ્રીમતી અમીન રૂપલ ધર્મેશ (સહ-દેવાદાર) | EARC-TRUST SC 469 | Rs. 1,19,12,622.18/- as on 11-03-2026 | Rs. 24,00,000/- | Rs. 2,40,000/- | 30-03-2026 at. 11:00 AM | ભૌતિક |
| મિલકતનું વર્ણન: તમામ તૈયાર બાંધકામવાળી સ્થાવર મિલકત - ફ્લેટ નં. G-5, પ્રથમ માળ, "પ્રતાપ ટાવર" તરીકે ઓળખાતી બિલ્ડિંગમાં 1350.00 ચોરસ ફૂટ કાર્પેટ એરિયા ધરાવતો ફ્લેટ, જે રેવન્યુ સર્વે નં. 376/1, 376/2, 379 પૈકી, ટી.પી. સ્કીમ નં. 18, ફાઈનલ પ્લોટ નં. 338 વાળી 21702.00 ચો.મીટર જમીન પર બાંધવામાં આવ્યો છે, કુલ 21702 ચો. મીટર, જે મોજે ગામ વડોદરા કસ્બા, રજીસ્ટ્રેશન જીલ્લો વડોદરા અને સબ-રજીસ્ટ્રેશન જીલ્લો વડોદરામાં આવેલ છે. સીમાઓ: પૂર્વ: ચંદ્રકલા લોઅર, પશ્ચિમ: ફ્લેટ નં. G-4, ઉત્તર: આનંદવન સોસાયટી, દક્ષિણ: ફ્લેટ નં. G-6. | | | | | | | |
| AFH000900418 & 246 / Yes Bank Ltd | આનંદન શણમુગમ મુદલિયાર (દેવાદાર) અને પદ્મિની આનંદન મુદલિયાર (સહ-દેવાદાર) | EARC-TRUST-SC-471 | Rs. 14,37,076.15/- as on 11-03-2026 | Rs. 4,50,000/- | Rs. 45,000/- | 30-03-2026 & 1:30 PM | ભૌતિક |
| મિલકતનું વર્ણન: તમામ ટુકડા અને પાર્સલ ફ્લેટ નં. 409, ચોથા માળે, જેનું ક્ષેત્રફળ 55.74 ચો.મીટર છે. જમીનમાં 11.13 ચો.મીટરનો અવિભાજિત હિસ્સો, જેના પર "ઘનશ્યામ ફ્લેટ" બાંધવામાં આવ્યો છે. એકીકૃત સિટી સર્વે નંબર 1386 (સિટી સર્વે નંબર 1386, 1390, 1391, 1392 અને 1393) કુલ 980 ચો.મીટર, મોજે ગામ વડસર ગામતળ, સબ ડિસ્ટ્રિક્ટ અને ડિસ્ટ્રિક્ટ વડોદરા. સીમાઓ: પૂર્વ- ફ્લેટ નં. 408, ઉત્તર- કોમન પેસેજ, પશ્ચિમ- ફ્લેટ નં. 410, દક્ષિણ- અડીને આવેલ સર્વે નંબર. | | | | | | | |

**હરાજી પ્રક્રિયા અંગેની મહત્ત્વની માહિતી:**

| | | |
| --- | --- | --- |
| 1. | EMD ડિમાન્ડ ડ્રાફ્ટ (DD) "EDELWEISS ASSET RECONSTRUCTION COMPANY LIMITED - EMD ACCOUNT" ના નામે મુંબઈ ખાતે ચૂકવવાપાત્ર હોવા જોઈએ. | |
| 2. | RTGS દ્વારા કરવામાં આવેલ EMD પેમેન્ટ આ મુજબ રહેશે: એકાઉન્ટનું નામ: "EDELWEISS ASSET RECONSTRUCTION COMPANY LIMITED-EMD ACCOUNT"; એકાઉન્ટ નંબર: 000405158602; બેંકનું નામ - ICICI BANK; IFSC કોડ: IFSC ICIC0000004. | |
| 3. | EMD સબમિટ કરવાની છેલ્લી તારીખ | હરાજીની તારીખના 1 દિવસ પહેલા સુધી. |
| 4. | બિડ સબમિટ કરવાનું સ્થળ | 1લો માળ, એડલવાઈસ હાઉસ, CST રોડની બહાર, કાલિના, મુંબઈ-400098. |
| 5. | હરાજીનું સ્થળ (હરાજી માટેની વેબસાઈટ) | ઈ-હરાજી (https://auction.edelweissarc.in) |
| 6. | સંપર્ક વિગતો | 1800 266 6540. |
| 7. | મિલકત નિરીક્ષણની તારીખ અને સમય | પૂર્વ એપોઈન્ટમેન્ટ મુજબ. |

વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે કૃપા કરીને EARCની વેબસાઇટ એટલે કે https://auction.edelweissarc.in પર આપેલી લિંકનો સંદર્ભ લો.

તારીખ: 13.03.2026
સ્થળ: મુંબઈ

અધિકૃત અધિકારી,
એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ વતી

Edelweiss Asset Reconstruction